જા.નં. ૧૨૦૫૬-૧૨૦૫૭
જિલ્લા શિક્ષણાધિકારીની કચેરી
જીલ્લા સેવા સદન -૧
પાંચમો માળ ,વલસાડ
તારીખ : ૦૪/૧૦/૨૦૧૭

પ્રતિ,
આચાર્યશ્રી, તમામ
સરકારી,ગ્રાન્ટેડ તથા નોન ગ્રાન્ટેડ માધ્ય. અને ઉચ્ચ.માધ્યમિક શાળાઓ
જિ. વલસાડ

વિષય :- શાળાઓમાં સલામતીના ધોરણો જાળવવા બાબત
સંદર્ભ:- (૧) ગુ.મા. અને ઉ.મા. શિક્ષણ બોર્ડના પરિપત્ર ક્રમાંક : મઉમશબ /ગ/૨૦૦૮ / ૬૮૬૦/૮૫ તા.૨૧/૦૭/૨૦૦૮
(૨) ગુ.મા. અને ઉ.મા. શિક્ષણ બોર્ડના પરિપત્ર ક્રમાંક : મઉમશબ /શાનિ/ ૧૫૮૮૯ /૯૨૭ તા.૨૮/૦૯/૨૦૧૭

ઉપરોક્ત વિષય પરત્વે આપનું ધ્યાન ગુજરાતમાં માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શિક્ષણ બોર્ડ,ગાંધીનગરના તા.૨૧/૦૭/૨૦૦૮ના પરિપત્ર તથા તા.૨૮/૦૯/૨૦૧૭ના પત્ર તરફ દોરવામાં આવે છે.

ઉપરોક્ત બંને પત્રોથી શાળામાં અભ્યાસ કરતા **વિદ્યાર્થીઓની સલામતી** માટે ધી નેશનલ બિલ્ડીંગ કોડ ઓફ ઇન્ડિયા -2005માં સલામત શાળાનું બિલ્ડીંગનું બાંધકામ અને નામ.સુપ્રિમ કોર્ટ રીટ પીટીશન (સિવિલ) નં.૪૮૩/૨૦૦૪માં તા.૧૩/૦૪/૨૦૦૯ના રોજ આપેલ ચૂકાદા અનુસાર કાર્યવાહી કરવાની થાય છે અને સલામતી માટે શાળાઓ દ્વારા કરવામાં આવતી કાર્યવાહીની ચકાસણી કરવાની થાય છે.શાળામાં આગ સામે સલામતી માટે લેવાતાં પગલાં તેમજ શાળાના બિલ્ડીંગનું સ્પેસીફીકેશન, તેનું કમ્પ્લીશન **સર્ટિફિકેટ વગેરે** સૂચનાઓનું પાલન કરવા માટે ઉપરોક્ત પત્રોથી જણાવેલ છે.

તાજેતરમાં કેટલાક રાજ્યોમાં બાળકોની સલામતી જોખમાય તેવા બનાવ બન્યા છે.તે સંદર્ભે આપનું ધ્યાન રાઈટ ટુ એજ્યુકેશન એક્ટ-૨૦૦૯ની જોગવાઈઓ તરફ ધ્યાન દોરવામાં આવે છે.શાળાનું વાતાવરણ બાળકોને શિક્ષણમાં મદદરૂપ થાય તે જોવાનું રહેશે. બાળકોના સર્વાંગી વિકાસ થાય તે પ્રમાણે બાળકોની સલામતી જળવાય અને તેઓને તે બાબતનો અહેસાસ થાય **તે જોવાની પ્રત્યેક** શાળાની ફરજ છે. આ સંદર્ભમાં ભારત સરકાર દ્વારા તા.૧૧/૦૯/૨૦૧૭ના પત્રથી સૂચનાઓ આપવામાં આવેલ છે. વર્ષ ૨૦૧૪માં પણ ભારત સરકાર દ્વારા શાળામાં ભણતા બાળકોની સલામતી જાળવવા માટે જરૂરી સૂચનાઓ આપેલ છે.

નામ. સુપ્રિમ કોર્ટમાં તાજેતરમાં બાળકોની સલામતી સંદર્ભે પીટીશન દાખલ થયેલ છે.અત્રેથી શાળામાં ભણતા બાળકોની સલામતી જાળવવા અંગે આપેલ સૂચનાઓનું ચૂસ્તપણે પાલન તમામ શાળાઓએ કરવાનું રહેશે.સલામતીનાં પગલાંમાં સહેજ પણ ચૂક ન થાય તેમજ કોઇપણ ક્ષતિ ન રહે તે બાબતે ચોક્સાઇ રાખવા જવાબદાર તમામને જાણ કરવામાં આવે છે.

બાળકોની સલામતી માટે નીચે મુજબની કાર્યવાહી શાળા સંચાલકો/આચાર્યશ્રીઓએ તાત્કાલિક ધોરણથી સુનિશ્ચિત કરવાની રહેશે.